# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૪૯ તા.૧૬-૦૩-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય : તા: ૧૭/૩/૨૦૧૮ ના રોજ આયોજન તાલીમના દિવસીય એક કક્ષાની ક્લસ્ટર રોજ ના બાબત.**
**સંદર્ભ : એસએસએ/ટીટી/કલ્સ્ટર તાલીમ/ ૧૮/ ૯૦૯૦-૯૧૪૧ તા.૧૪/૩/૨૦૧૮.**

**આથી તમામ મ્યુનિ શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કલસ્ટર કક્ષાની એક દિવસીય તાલીમ ધોરણ ૧ થી ૮ ના શિક્ષકો માટે તા. ૧૭/૩/૨૦૧૮ શનિવાર સવારે ૭-૦૦ થી ૧૩-૦૦ કલાક માટે યોજવાનું નક્કી થયેલ છે. આ તાલીમ દરમ્યાન નીચેના મુદ્દાઓ આવરી લેવામાં આવનાર છે. તાલીમ દરમ્યાન શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓ તથા શિક્ષકોએ સવારે ૭-૦૦ કલાકે તાલીમ સ્થળે હાજર રહેવાનું રહેશે. દરેક શિક્ષકે પોતાના કલસ્ટરના સીઆરસી દ્વારા નક્કી કરેલ તાલીમ સ્થળે બિનચૂક તાલીમ મેળવવાની રહેશે. વિધાર્થીઓ માટે શાળામાં શૈક્ષણિક કાર્ય અનઅધ્યયન રહેશે.**

**તાલીમના મુદ્દા :**

- **આઈડીઅલ એન્ટીક મેથ**
- **સ્કુલ સેફ્ટી પોલીસી**
- **ગુણોત્સવ-૮**
- **બી.આર.સી./સી.આર.સી. /આચાર્યશ્રીઓની ભૂમિકા**
- **આગામી શિક્ષણ પ્રશિક્ષણ**
- **NAS આધારિત પરિણામ અને ગુણવતાલક્ષી બાબતો**
- **અધ્યયયન નિષ્પત્તિ પુરવણી-વિષયવસ્તુ આધારિત પ્રવૃત્તિઓ**

❖ તાલીમ ખર્ચ

➢ તાલીમમાં પ્રતિ શિક્ષક રૂા.૧૦૦/- પ્રમાણેની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે. જેમાં રૂા.૪૫/- ની મર્યાદામાં રીફ્રેશમેન્ટ જે માટે સમિતિ બનાવી આયોજન કરવાનું રહેશે.

➢ તાલીમનો રીફ્રેશમેન્ટનો સમય ૧૦-૩૦ થી ૧૧-૦૦ નો રહેશે. સમય બગડે નહીં તે માટે ૫૦ શિક્ષકોએ ૧ કાઉન્ટર ગોઠવવાના રહેશે.

➢ નીચે મુજબની ભોજન અને વ્યવસ્થાપક સમિતિએ પ્રતિ શિક્ષક રૂ.૪૫/-ની મર્યાદામાં ખર્ચ કરવો.

૧. વર્ગ સંચાલક (સી.આર.સી. કો.ઓ.)
૨. સ્થાનિક મુખ્ય શિક્ષકશ્રી
3. મહિલા શિક્ષિકા-૨
૪. શિક્ષક મંડળના પ્રતિનિધિ
૫. પુરૂષ શિક્ષક

- વાહન ભથ્થું–
  - રૂા.૪૦/- ની મર્યાદામાં વાહનભથ્થુ આપવામાં આવશે. (સ્થાનિક શિક્ષકોને વાહન ભથ્થુ ચૂકવવામાં આવશે નહી) જે તાલીમાર્થીના સેલરી એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવશે. માટે તાલીમાર્થીઓએ બેન્ક એકાઉન્ટની પાસબુક તાલીમમાં એકાઉન્ટનંબર, આઇએફએસસી કોડ સાથે લાવવાના રહેશે. જે શિક્ષક/તાલીમાર્થી/ તજજ્ઞ સાચી વિગતો રજૂ કરશે નહી તો તેની જવાબદારી શિક્ષકની પોતાની રહેશે.
- તાલીમ દરમ્યાન સ્ટેશનરી, કન્ટીજન્સી અને અન્ય આવશ્યક/જરૂરીયાત મુજબના ખર્ચ કરવાનો રહેશે અને કરેલ વસ્તુઓ ખરીદીની નોંધ સ્ટોક રજીસ્ટરમાં કરવાની રહેશે.
- નીચે મુજબની ખરીદ સમિતિએ પ્રતિ શિક્ષક રૂ.૧૫/-ની મર્યાદામાં સ્ટેશનરી, કન્ટીજન્સીનો આવશ્યક જરૂરીયાત મુજબ ખર્ચ કરવાનો રહેશે.

  ૧. વર્ગ સંચાલક (સી.આર.સી. કો.ઓ.)

  ૨. સ્થાનિક મુખ્ય શિક્ષકશ્રી

  ૩. મહિલા શિક્ષિકા

  ૪. શિક્ષક મંડળના પ્રતિનિધિ

  ૫. તજજ્ઞશ્રી
- રીસોર્સ પર્સનને પુરસ્કૃત કરવા અંગેઃ-
  - તાલીમમાં તજજ્ઞ તરીકે કામગીરી કરતા શિક્ષકોને પુરસ્કૃત કરવા પ્રતિ દિવસ ઉચ્ચક રૂા.૫૦/- લેખે વિશેષ પુરસ્કાર કરવામાં આવશે. જે ઇ-ટ્રાન્સફર થી બેન્કમાં જમા કરાવવામાં આવશે.
- તાલીમનો સમયગાળોઃ-
  - શિક્ષક તાલીમનો સમય સવારે ૭-૦૦ થી ૧૩-૦૦(૩૦ મીનીટની રીશેષ સહિત) રાખવાનો રહેશે.
- તાલીમની આચારસંહિતાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
- તાલીમ દરમ્યાન તાલીમાર્થી વર્ગખંડમાં મોબાઇલ કે ઇલેકટ્રોનિક વસ્તુઓનો ઉપયોગ કરી શકશે નહીં.
- તાલીમ દરમ્યાન મેળવેલ વિષયવસ્તુનો વર્ગખંડમાં ઉપયોગ કરવાનો રહેશે.
- તાલીમ દરમ્યાન અગાઉ આપવામાં આવેલ ચોપડામાં જ નોંધ કરવાની રહેશે.
- તાલીમ દરમ્યાન ગેરહાજર રહેનાર તાલીમાર્થીએ અગાઉથી મદદનીશ શાસનાધિકારીશ્રી પાસે રજા મંજૂર કરાવી તેની કોપી વર્ગ સંચાલકને આપવાની રહશે.
- તાલીમના સ્થળ અને વર્ગખંડમાં સ્વચ્છતા જળવાય તે જોવાની આપણા સૌની જવાબદારી છે.
- તાલીમના સ્થળે સુપરવાઇઝરેશ્રીએ પૂર્ણ સમય હાજર રહી સુપરવિઝન, તાલીમ મસ્ટરની નિયમિતતા, શિસ્ત અને વર્ગવ્યહાર ચકાસવાની રહેશે.

તા.૧૬-૦૩-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

**બિડાણ- તાલીમ સ્થળોની યાદી**

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## તાલીમના સ્થળોની યાદી

| ક્રમ | યુ.આર.સી. ઝોન | કલસ્ટર | માધ્યમ | તાલીમનું સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ઉત્તર | સરસપુર ઉર્દૂ | ઉર્દૂ | દરીયાપુર ઉર્દૂ-૨ |
| ૨ | ઉત્તર | દરીયાપુર | ગુજરાતી | દરીયાપુર ગુ.– ૧૬ |
| ૩ | ઉત્તર | ગીરધરનગર | ગુજરાતી | મેઘાણીનગર ગુ. – ૧ |
| ૪ | ઉત્તર | અસારવા | ગુજરાતી | અસારવા ગુ.– ૧૧ |
| ૫ | ઉત્તર | અસારવા હિન્દી | હિન્દી | બાપુનગર હિન્દી-૫ |
| ૬ | ઉત્તર | સરસપુર | ગુજરાતી | સરસપુર ગુ.-૧૩ |
| ૭ | ઉત્તર | ઇન્ડીયા કોલોની | ગુજરાતી | અસારવા ગુ. -૮ |
| ૮ | ઉત્તર | કુબેરનગર હિન્દી | હિન્દી | નોબરનગર હિન્દી- ૨ |
| ૯ | ઉત્તર | સરદારનગર | ગુજરાતી | હાંસોલ ગુ.– ૨ |
| ૧૦ | ઉત્તર | ઠક્કરબાપાનગર | ગુજરાતી | એસ.આર.પી. ગુ.-૨ |
| ૧૧ | ઉત્તર | નરોડા મુઠિયા | ગુજરાતી | નરોડા ગુ.–૪ |
| ૧૨ | દક્ષિણ | મણીનગર | ગુજરાતી | બાગેફિરદોશ ગુ.-૧ |
| ૧૩ | દક્ષિણ | કાંકરીયા/હાથીજણ | ગુજરાતી | જશોદાનગર ગુ.-૧ |
| ૧૪ | દક્ષિણ | વટવા / લાંભા | ગુજરાતી | ઇસનપુર પબ્લીક સ્કૂલ |
| ૧૫ | દક્ષિણ | ખાડીયા/ જમાલપુર | ગુજરાતી | જમાલપુર ગુ.-૪ |
| ૧૬ | દક્ષિણ | દાણીલીમડા/બહેરામપુરા | ગુજરાતી | દાણીલીમડા ગુ.-૧ |
| ૧૭ | દક્ષિણ | વટવા હિન્દી | હિન્દી | વટવા હિન્દી-૧ |
| ૧૮ | દક્ષિણ | દાણીલીમડા ઉર્દૂ | ઉર્દૂ | દાણીલીમડા ઉર્દૂ - ૩ |
| ૧૯ | દક્ષિણ | જમાલપુર ઉર્દૂ | ઉર્દૂ | જમાલપુર ઉર્દૂ – ૪ |
| ૨૦ | પૂર્વ | બાપુનગર/ કાલપુર | ગુજરાતી | બાપુનગર ગુ. – ૧૬ |
| ૨૧ | પૂર્વ | અમરાઇવાડી/ ખોખરા | ગુજરાતી | અમરાઇવાડી ગુ. – ૧૧ |
| ૨૨ | પૂર્વ | રાજપુર | ગુજરાતી | રાજપુર ગુ. - ૧૭ |
| ૨૩ | પૂર્વ | ઓઢવ | ગુજરાતી | ઓઢવ ગુ.- ૩ |
| ૨૪ | પૂર્વ | અમરાઇવાડી હિન્દી | હિન્દી | અમરાઇવાડી હિન્દી- ૪ |
| ૨૫ | પૂર્વ | બાપુનગર હિન્દી | હિન્દી | બાપુનગર હિન્દી-૧ |
| ૨૬ | પૂર્વ | ઓઢવ હિન્દી | હિન્દી | અંબિકાનગર હિન્દી-૧ |
| ૨૭ | પૂર્વ | રાજપુર ઉર્દૂ | ઉર્દૂ | રાજપુર ઉર્દૂ-૭ |
| ૨૮ | પૂર્વ | બાપુનગર ઉર્દૂ | ઉર્દૂ | બાપુનગર ઉર્દૂ- ૭ |
| ૨૯ | પશ્ચિમ | શાહપુર/ દુધેશ્વર | ગુજરાતી | શાહપુર ગુ – ૧ |
| ૩૦ | પશ્ચિમ | નારણપુરા | ગુજરાતી | એલીસબ્રીજ ગુ-૨ |
| ૩૧ | પશ્ચિમ | એલીસબ્રીજ | ગુજરાતી | એલીસબ્રીજ ગુ-૧૭ |
| ૩૨ | પશ્ચિમ | વાસણા | ગુજરાતી | વાસણા ગુ.-૩ |
| ૩૩ | પશ્ચિમ | નવા વાડજ | ગુજરાતી | નવા વાડજ ગુ.-૯ |
| ૩૪ | પશ્ચિમ | સાબરમતી | ગુજરાતી | સાબરમતી ગુ.- ૭ |
| ૩૫ | પશ્ચિમ | નારણપુરા હિન્દી | હિન્દી | દુધેશ્વર હિન્દી – ૧ |
| ૩૬ | પશ્ચિમ | શાહપુર ઉર્દૂ | ઉર્દૂ | શાહપુર ઉર્દૂ-૫ |